# સાહિર: મહોબ્બતથી મજૂરો સુધીનો શાનદાર શાયર-ગીતકાર



એક કંજૂસ નિર્માતા મશહૂર ગીતકાર-કવિ સાહિર લુધિયાનવી પાસે આવીને ફિલ્મી ગીત લખવાના પૈસા વિશે રકઝક કરવા માંડ્યો. સાહિરે પોતાના આગવા મિજાજમાં સંભળાવ્યું, "દેખ ભાઈ, ના મુઝે લિખને કા શૌક હૈ, ના પૈસે કી જરૂરત યા કોઈ નામ કમાને કી મજબૂરી! શૌક, મજબૂરી ઔર જરૂરત કે બિના કોઈ કિસી સે કામ નહીં કર સકતા." આવા સાહિરની કવિતાઓ-ગીતો આજે આટલાં વરસે પણ આપણાં સૌની જિંદગીનો શોખ, મજબૂરી અને જરૂરિયાત બની ગયાં છે! ભયંકર મિજાજ અને મખમલી મહોબ્બતનો કવિ સાહિર એક જમીનદારનો દીકરો હતો. પૈસાદાર બાપની અનેક પત્નીઓ હતી. ખૂબ લાડથી ઊછેરવામાં આવેલા સાહિરની માતાથી પતિનો જુલમ સહન ન થયો ત્યારે તેમણે ઘર છોડ્યું, અદાલત સુધી ગયાં અને બાપે સાહિરને મારી નાખવાની ધમકી આપી! માતાએ આસપાસ બોડીગાર્ડ્સ રાખ્યા. જીવન અચાનક ગરીબીમાં પલટાઈ ગયું અને આ બધાંને લીધે જીવનભર સાહિરમાં એક 'તલ્ખી' કે 'કડવાશ' રહી ગઈ. એમના પહેલા કાવ્યસંગ્રહનું નામ 'તલ્ખિયાં' હતું! 'તલ્ખિયાં' કાવ્યસંગ્રહની ૧૯૪૩માં ૧૧-૧૧ આવૃત્તિઓ થયેલી. પોતે કદરૂપા, પણ છોકરીઓ એમની કલમની દીવાની. મિત્રો અને ચાહકો આખો દિવસ આગળ-પાછળ રહે. દિન-રાત મહેફિલ કરે. સવારે ૧૦ વાગે ઊઠે અને સાહિરનો પહેલો શબ્દ હોય: 'મા!'

બાપ પ્રત્યેનો ગુસ્સો અને જીવનના સંઘર્ષોને કારણે આવેલી ઘેરી વેદના સાહિરને સમાજ કે સરકાર સામે પણ ઉશ્કેરી મૂકતી. ગરીબી કે મજૂરોના શોષણ માટે તો સાહિર

**હજીયે 'તોરા મન દર્પણ કહેવાયે' કે 'મન રે તુ કાહે ના ધીર ધરે' જેવા ઊંડા અને ભારતીય સંસ્કૃતિ સમજાવતા ગીતો કે ગઝલો દ્વારા સાહિરની કલમ નાજુક નકશીકામ કરીને આપણા દિલમાં જીવે છે**

લખતા જ, પણ સરકાર સામે પણ બિંદાસ લખતા. એ સમયે પ્રથમ વડાપ્રધાન નેહરુનો ચૂંટણી નારો હતો: 'હમેં હિંદ પર નાઝ હૈ!' તો એના જવાબમાં સાહિરે 'પ્યાસા' ફિલ્મમાં 'જિન્હેં નાઝ હૈ હિંદ પર વો કહાં હૈ?' જેવું વેધક ગીત લખ્યું. માતાને થયેલા અન્યાય અંગે 'ઔરતને જનમ દિયા મર્દ કો, મર્દોને ઉસે બાઝાર દિયા' જેવા ગીતો લખીને ફિલ્મી ગીતોને નવી ઊંચાઈ આપી. સાહિરના કાવ્યોમાં 'કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ' જેવા મીઠાં ગીતો હતાં, તો મજૂરો માટે મિલમાલિકો વિરુદ્ધ લખાયેલાં ગીતો પણ હતાં.

સાહિરે જીદ કરેલી કે રેડિયો પર ગાયક અને સંગીતકાર સાથે ગીતકારનું પણ નામ લેવામાં આવે. આ વાત લતાજીએ ન માની. તો સાહિરે લતા સાથે કામ કરવાનું બંધ કર્યું અને આખરે સાહિરની જીત થઈ! આજે ગીતકારોના નામ માનથી લેવાય છે, એની પાછળ સાહિરનો સામ્યવાદી અને સુધારક અવાજ હતો. સાહિર એક ગીતના એ સમયે રૂ. ૫,૦૦૦ હકપૂર્વક લેતા અને ફિલ્મમાં માત્ર પોતે જ એકલા ગીતો લખશે એવી શરત મૂકતા. દેવ આનંદ કે ગુરુદત્તે એમને ફિલ્મી ગીતકાર બનાવ્યા તો બી. આર. કે યશ ચોપરા જેવા અનેક લોકોને સાહિરે બનાવ્યા. અનેક ફિલ્મોની કથા-પટકથા જેટલાં જ સાહિરનાં ગીતો પણ ધારદાર હતાં! યશ ચોપરા મોટા ભાઈ બી. આર. ચોપરાથી અલગ થઈને પહેલીવાર 'દાગ' ફિલ્મ બનાવતા હતા. સાહિરે એક ગીતનું મુખડું સંભળાવ્યું. યશજીએ જરાક મજાકમાં કહ્યું, "સાહિર સાહબ, ગાના યહાં (છાતીએ હાથ મૂકી) છૂઆ નહીં!" ત્યારે સાહિરે તરત જ યશ ચોપડાને ચોપડાવ્યું: "વહાં છૂને સે પહલે યહાં (દિમાગ પર આંગળી મૂકી) છૂના પડતા હૈ!" આપણા વેવલા અને ગોસિપબાજ લેખકો એવા સાહિર-અમૃતા પ્રીતમના ચીકણા કિસ્સાઓને જ સતત યાદ કરતા રહે છે કે- "સાહિરની અડધી સિગારેટ કવયિત્રી અમૃતા એમના પ્રેમમાં પી જતી વગેરે વગેરે..." પણ બહુ ઓછા જાણે છે કે સાહિરે આઝાદી બાદ પાકિસ્તાનનું ગૂંગળાવી નાખતું મઝહબી વાતાવરણ છોડ્યું હતું, કારણ કે એમને એમના હિંદુ અને શીખ મિત્રો યાદ આવતા!

લાહોરથી દિલ્હી આવીને રોમેન્ટિક કવિતાઓ લખીને મુશાયરાઓમાં લોકચાહના મેળવી, પણ સાહિત્યમાં હંમેશાં વિવેચકો કે હરીફ શાયરો એમની ટીકા જ કરતા. એમના પુસ્તક 'તલ્ખિયાં' માટે 'પસ્તિયાં' (રદ્દી) જેવો શબ્દ વાપરતા. ઘણાં કહેતા કે જાવેદ અખ્તરના શાયર પિતા જાનિસાર અખ્તર સાહિર માટે કલમ વેચીને ગીતો લખી આપતા! લોકો કહેતા કે સાહિર હંમેશાં મિત્રો અને ચમચાઓથી ઘેરાયેલા રહેતા, પણ હકીકત તો એ હતી કે શું ખાવું, શું પહેરવું, કઈ ગઝલ મંચ પર ગાવી એ બધું મિત્રો જ નક્કી કરતા. વિવેચક-સંપાદક પ્રકાશ પંડિત કહે છે, "બીજાએ પસંદ કરેલી છોકરી સાથે લગ્ન ન કરવા પડે માટે સાહિર જીવનભર કુંવારા રહ્યા!" સાહિરના ઘણાં અફેર હતાં, પણ કદાચ મા-બાપના ભગ્ન લગ્નજીવનના આઘાતને લીધે લગ્ન કરી ન શક્યા. 'અભી ના જાઓ છોડ કર કિ દિલ અભી ભરા નહીં' જેવાં અદ્ભુત રુમાની ગીતો લખનાર સાહિરની મહોબ્બતની કહાણી એક અધૂરી વાર્તા જ રહી.

એકવાર મને મુંબઈમાં સાહિરના વર્સોવા દરિયાકિનારે આવેલા જૂના મકાનમાં શૂટિંગ કરવાનો મોકો મળેલો. ત્યારે એમના વેરવિખેર પુસ્તકો અને જૂનો સામાન જોઈને દુ:ખી થઈ જવાયું. જ્યાં સાહિરે અમર રચનાઓ લખેલી, એ મકાન એમના સગાવહાલાઓ શૂટિંગ માટે ભાડે આપતા! સાહિરનું જુહૂ ખાતેનું મકાન 'પરછાઈયાં' પણ વરસો સુધી બંધ પડી રહ્યું. એમાં અનેક સાહિત્યિક પુસ્તકો અને સામાન બરબાદ થઈ ગયાં. આપણે ત્યાં શાયર કે કલાકારનું સ્મારક ન બનાવવાનો જૂનો રોગ છે. પણ હજીયે 'તોરા મન દર્પણ કહેવાયે' કે 'મન રે તુ કાહે ના ધીર ધરે' જેવા ઊંડા અને ભારતીય સંસ્કૃતિ સમજાવતા ગીતો કે ગઝલો દ્વારા સાહિરની કલમ નાજુક નકશીકામ કરીને આપણા દિલમાં જીવે છે.

**સંગત સિતારોં કી**
★ સંજય છેલ

સાહિર 'એક પળ'નો શાયર હતો. 'મૈં પલ દો પલ કા શાયર હૂં' હોય કે 'પલ દો પલ કા સાથ હમારા' જેવી કવ્વાલી હોય કે 'આગે ભી જાને ના તૂ... જો ભી હૈ બસ યહ એક પલ હૈ' જેવા ફિલોસોફિકલ ગીતોથી સાહિર એક પળમાં લાખો પળ જીવી ગયા. જાણિતા લેખક-ફિલ્મી શાયર જાવેદ અખ્તર બૉલીવૂડમાં સ્ટ્રગલ કરવા મુંબઈ આવ્યા ત્યારે પિતા જાનિસારના મિત્ર એવા સાહિરને ત્યાં રહેતા. સાહિર પાસે કામ માગતા, પૈસા ઉધાર માગતા. એકવાર જાવેદે રૂ. ૨૦૦ માંગ્યા અને પછી સફળ થયા બાદ એ ધરાર પાછા ન આપ્યા. સાહિર હંમેશાં ઉઘરાણી કરતા, જાવેદ હસીને ટાળી દેતા. છેલ્લે જ્યારે સાહિર ગુજરી ગયા ત્યારે જાવેદ દોડીને કબ્રસ્તાન આવ્યા. બધું પતી ગયા પછી ત્યાં એક ટેક્સીવાળાએ જાવેદને પૂછ્યું, "સાબ, વો સાહિર સાહબ મેરી ટેક્સી મેં ડૉક્ટર કે પાસ ગયે થે ઔર ચલ બસે... અબ મૈં તો સુબહ સે ખડા હૂં. મેરે ૨૦૦ રૂ. કિસ સે માંગુ?" અને જાવેદે સાહિરની ઉધારી સાહિરના મરણ બાદ ચૂકવી.

આપણે પણ ૧૯૮૦માં ગુજરી ગયેલા સાહિર અને એમનાં ગીતોની ઉધારીમાં જ છીએ ને?

# ટાટા ગ્રૂપ માટે કેમ મહત્ત્વપૂર્ણ છે નોએલ ટાટાનું નેતૃત્વ?

ભારતીય કોર્પોરેટ જગતમાં 'ટાટા' માત્ર એક બિઝનેસ સામ્રાજ્ય નથી, પણ તે ૧૫૦ વર્ષથી વધુ જૂનો વિશ્વાસ, નૈતિકતા અને દેશના આર્થિક વિકાસનો મજબૂત આધારસ્તંભ છે. સોલ્ટ-ટુ-સોફ્ટવેર સુધી ફેલાયેલા આ અબજો ડૉલરના ટાટા ગ્રૂપની અંદર તાજેતરમાં સર્જાયેલી વડપણની પરિસ્થિતિ અને સત્તાના સંતુલને સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. રતન ટાટાના અવસાન બાદ ટાટા ગ્રૂપના નિયંત્રણ અને વહીવટની લગામ કોના હાથમાં રહેશે તે અંગે અસંખ્ય અટકળો સેવાઈ રહી હતી. આ સમયગાળા દરમિયાન ટાટા ટ્રસ્ટ્સના વડા તરીકે નોએલ ટાટાની વરણી એ માત્ર એક નેતૃત્વ પરિવર્તન નથી, પરંતુ તે ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ્સ વચ્ચેના સંબંધો, કોર્પોરેટ ગવર્નન્સ અને ટાટા સમૂહમાં નોએલ ટાટાના વધતા પ્રભાવનું એક અત્યંત રણનૈતિક અને ઐતિહાસિક પાસું છે. આ પરિવર્તન ટાટા સમૂહના ભવિષ્યની દિશા નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થવાનું છે.

ટાટા સન્સ એ ટાટા ગ્રૂપની મુખ્ય હોલ્ડિંગ કંપની છે, પરંતુ આશ્ચર્યજનક વાસ્તવિકતા એ છે કે ટાટા સન્સનો લગભગ ૬૬ ટકા જેટલો માલિકી હિસ્સો 'ટાટા ટ્રસ્ટ્સ' ધરાવે છે. એટલે કે, ટાટા સન્સ અને તેની હેઠળ આવતી તમામ લિસ્ટેડ કંપનીઓ જેવી કે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ), ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ કે ટાઈટનના ખરા વાલી અને સર્વોચ્ચ શક્તિ ટાટા ટ્રસ્ટ્સ છે. જ્યારે નોએલ ટાટાને ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન બનાવવામાં આવ્યા, ત્યારે તેમણે ટાટા સમૂહના નિર્ણય લેવાની પ્રક્રિયાના સૌથી મહત્વપૂર્ણ કેન્દ્રમાં પ્રવેશ કર્યો હતો. નોએલ ટાટા, જેઓ રતન ટાટાના સાવકા ભાઈ છે, તેમણે દાયકાઓ સુધી ટાટા ગ્રૂપની વિવિધ કંપનીઓ જેવી કે ટ્રેન્ટ, ટાટા ઈન્ટરનેશનલ અને વોલ્ટાસમાં અત્યંત શાંતિથી પણ સફળતાપૂર્વક કામ કર્યું છે. આજે ટ્રેન્ટની જબરદસ્ત વાણિજ્યિક સફળતા તેમના વિઝનનું ઉદાહરણ છે.

જો આ સમગ્ર ઘટનાક્રમ અને ટાટા ગ્રૂપના આંતરિક સત્તા સંતુલનનું ઊંડાણપૂર્વક અને વ્યૂહાત્મક મૂલ્યાંકન કરવામાં આવે, તો કેટલીક અત્યંત મહત્વપૂર્ણ અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ બાબતો સ્પષ્ટ થાય છે. પ્રથમ બાબત એ છે કે નોએલ ટાટાનો ટાટા ટ્રસ્ટ્સ પર વિજય અને પ્રભાવ એ સાબિત કરે છે કે ટાટા પરિવારનું લોહી અને તેમની પરંપરાગત નીતિઓ હજુ પણ આ સામ્રાજ્ય માટે સર્વોપરી છે. સાયરસ મિસ્ત્રી સાથેના વિવાદ પછી ટાટા ગ્રૂપમાં ટાટા સન્સના ચેરમેન (અને હાલમાં એન. ચંદ્રશેખરન) અને ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન વચ્ચેની સત્તાની સરહદો અત્યંત સંવેદનશીલ બની ગઈ હતી. નોએલ ટાટાના આ હોદ્દા પર આવવાથી ટાટા ટ્રસ્ટ્સનું ટાટા સન્સ પરનું પરોક્ષ પણ મજબૂત નિયંત્રણ પુન:સ્થાપિત થયું છે, જે ગ્રૂપના ભવિષ્યના મુખ્ય નિર્ણયોમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

**લાઈફ-ઓન**
★ ફાલ્ગુની આશર

બીજી મહત્ત્વની બાબત ટાટા ગ્રૂપના ભવિષ્યના કોર્પોરેટ ગવર્નન્સ અને વ્યવસાયિક નિર્ણયો સાથે જોડાયેલું છે. નોએલ ટાટા પોતાની 'લો-પ્રોફાઈલ' પણ અત્યંત વ્યવહારુ અને નફાકારક બિઝનેસ સ્ટ્રેટેજી માટે જાણીતા છે. તેમણે હંમેશાં આક્રમક દેખાડાને બદલે શિસ્તબદ્ધ નાણાકીય વ્યવસ્થાપન પર ભાર મૂક્યો છે. ટાટા ટ્રસ્ટ્સના વડા તરીકે તેમનો પ્રભાવ એ વાત સુનિશ્ચિત કરશે કે ટાટા સન્સ અને તેની સબસિડિયરી કંપનીઓ માત્ર આક્રમક વિસ્તરણ તરફ ન દોડે, પરંતુ તેઓ નફાકારકતા, શેરહોલ્ડર્સના હિતો અને ટાટા સમૂહની સામાજિક જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવી રાખે. તેમની આ માનસિકતા ટાટા ગ્રૂપને વૈશ્વિક આર્થિક અસ્થિરતા વચ્ચે પણ મજબૂત સ્થિરતા પૂરી પાડશે.

ત્રીજી અને સૌથી ગંભીર બાબત એ છે કે આ નેતૃત્વ પરિવર્તન ટાટા ટ્રસ્ટ્સના ચેરિટેબલ અને સામાજિક કાર્યોને નવી દિશા આપશે. ટાટા ટ્રસ્ટ્સ દર વર્ષે આરોગ્ય, શિક્ષણ, ગ્રામીણ વિકાસ અને સંશોધન માટે અબજો રૂપિયાનું દાન કરે છે. આ ભંડોળ મુખ્યત્વે ટાટા સન્સ પાસેથી મળતા ડિવિડન્ડ પર નિર્ભર રહે છે. નોએલ ટાટાનો ઉદ્દેશ્ય રહેશે કે ટાટા સન્સની કંપનીઓ સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે જેથી ટ્રસ્ટ્સને મળતી આવક વધતી રહે અને દેશભરમાં ચાલી રહેલા વિશાળ સામાજિક કાર્યો અવિરતપણે આગળ વધતા રહે. આ રીતે, વ્યાપારી સફળતા અને સામાજિક કલ્યાણ વચ્ચેનો દાયકાઓ જૂનો સંબંધ વધુ ગાઢ બનશે.



**ટાટા સન્સ એ ટાટા ગ્રૂપની મુખ્ય હોલ્ડિંગ કંપની છે, પરંતુ આશ્ચર્યજનક વાસ્તવિકતા એ છે કે ટાટા સન્સનો લગભગ ૬૬ ટકા જેટલો માલિકી હિસ્સો 'ટાટા ટ્રસ્ટ્સ' ધરાવે છે**

ચોથી બાબત શાપોરજી પાલોનજી ગ્રૂપ સાથેના સંબંધો અને ટાટા સન્સના સંભવિત આઈપીઓ સાથે જોડાયેલું છે.

એસપી ગ્રૂપ ટાટા સન્સમાં ૧૮.૪ ટકાથી વધુનો હિસ્સો ધરાવે છે અને ભૂતકાળમાં મિસ્ત્રી પરિવાર સાથે ટાટા ગ્રૂપના સંબંધો અત્યંત કડવાશપૂર્ણ રહ્યા હતા. નોએલ ટાટાના લગ્ન પાલોનજી મિસ્ત્રીની પુત્રી આલૂ મિસ્ત્રી સાથે થયેલા છે, જેના કારણે તેઓ બંને પરિવારો વચ્ચે એક વિશિષ્ટ પુલ સમાન છે. આ સંબંધોને કારણે આગામી સમયમાં ટાટા ગ્રૂપ અને એસપી ગ્રૂપ વચ્ચેના દાયકાઓ જૂના આંતરિક વિવાદો શાંત થઈ શકે છે અને કાનૂની સંઘર્ષોનો અંત આવી શકે છે. ઉપરાંત, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિયમો મુજબ ટાટા સન્સનું સ્ટોક માર્કેટમાં લિસ્ટિંગ કરવું કે નહીં તે અંગેના જટિલ નિર્ણયમાં પણ નોએલ ટાટાનો અભિપ્રાય સૌથી વધુ મહત્ત્વનો રહેશે.

પાંચમી ક્ષતિરહિત વાસ્તવિકતા એ છે કે આ પરિવર્તન ટાટા ગ્રૂપમાં આગળની પેઢીના નેતૃત્વની પ્રક્રિયાને ઝડપી અને સ્પષ્ટ બનાવશે. નોએલ ટાટાના સંતાનો માયા, નેવિલ અને લીઆ ટાટા પણ ટાટા ગ્રૂપની વિવિધ કંપનીઓ અને ટ્રસ્ટ્સમાં સક્રિય થઈ રહ્યા છે. નોએલ ટાટાએ સંભાળેલા સ્ટીયરીંગ હેઠળ આગામી દાયકામાં ટાટા પરિવારની નવી પેઢીને ગ્રૂપના વહીવટમાં કુશળતાપૂર્વક જોડી શકાશે, જેથી ભવિષ્યમાં લીડરશિપ કટોકટી ઊભી ન થાય અને સમૂહની પરંપરા જળવાઈ રહે.

આ સમગ્ર સ્થિતિ પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા ગ્રૂપમાં નોએલ ટાટાનો ઉદય એ માત્ર એક વ્યક્તિગત સિદ્ધિ નથી, પણ તે ટાટા સમૂહની આંતરિક સ્થિરતા, પરંપરાગત મૂલ્યો અને આધુનિક વ્યાપારી દીર્ઘદ્રષ્ટિનો સમન્વય છે. રતન ટાટાના યુગ પછી ટાટા સમૂહને કઈ દિશામાં લઈ જવું તે અંગે જે આશંકાઓ હતી, નોએલ ટાટાના મજબૂત અને અનુભવી નેતૃત્વએ તે તમામ આશંકાઓનો અંત આણ્યો છે.

અંતમાં, ભારતીય અર્થતંત્ર જ્યારે વિશ્વમાં પોતાની નવી ઓળખ બનાવી રહ્યું છે, ત્યારે ટાટા ગ્રૂપનું મજબૂત અને સ્થિર રહેવું દેશના આર્થિક હિત માટે અત્યંત જરૂરી છે. નોએલ ટાટાના પ્રભાવ હેઠળ ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સ વચ્ચેનું આ નવું સંતુલન ગ્રૂપને માત્ર નવી ઊંચાઈઓ પર જ નહીં લઈ જાય, પરંતુ તે દર્શાવશે કે નૈતિકતા, વિઝન અને યોગ્ય નેતૃત્વ દ્વારા અબજો ડૉલરના વૈશ્વિક સામ્રાજ્યને પણ કોઈપણ આંતરિક કટોકટી વગર સફળતાપૂર્વક ચલાવી શકાય છે.



# અગ્નિ અને સુરક્ષા

અગ્નિ એટલે દાહક શક્તિવાળો તાપ, પ્રકાશની સંભાવનાનું સ્થળ અને ઉપયોગી ઊર્જાનો સ્ત્રોત. પ્રતિકાત્મક રીતે, જે શક્તિ કોઈ પણ વસ્તુને ઘનમાંથી પ્રવાહીમાં અને પ્રવાહીમાંથી વાયુમાં રૂપાંતરિત કરે તેને અગ્નિ કહેવાય. સનાતન સંસ્કૃતિમાં અગ્નિને દેવતા ગણવામાં આવે છે, જે યજ્ઞમાં અપાયેલી આહુતિને જે તે દેવ સુધી પહોંચાડે છે.

માનવીની ઉત્ક્રાંતિના ઈતિહાસમાં અગ્નિનું આગવું મહત્વ છે. એમ કહી શકાય કે અગ્નિ પર નિયંત્રણ પ્રાપ્ત થતાં માનવીની ઉત્ક્રાંતિમાં ક્રાંતિ આવી ગઈ. હવે માનવી ખોરાક રાંધીને, પકવીને ખાતો થયો, જેથી તે પચવામાં સરળ બન્યો અને તેનાથી વધુ ઊર્જા પ્રાપ્ત થતી થઈ. અગ્નિથી જંગલી પશુઓથી સુરક્ષા પ્રાપ્ત થઈ, જેથી રાત્રિના સમયે તે જરૂરિયાત મુજબ આરામ મેળવી શકતો થયો. અગ્નિ ઠંડીથી રક્ષણ આપતો હોવાથી હવે ઠંડા પ્રદેશોમાં પણ જીવન શક્ય બન્યું અને માનવીય વસવાટનો વિસ્તાર વિસ્તર્યો. અગ્નિએ લોકોને એકત્રિત કરવાનું કામ પણ કર્યું. અગ્નિને કારણે જ આગળ જતાં ધાતુવિજ્ઞાન, અસરકારક માટીની રચનાઓ તેમજ ચોક્કસ પ્રકારનાં સુરક્ષાનાં સાધનો વિકસી શક્યાં.

આશરે દસ લાખ વર્ષ પહેલાં નિયંત્રણમાં આવેલો અગ્નિ માનવજાત પર અકલ્પનીય ઉપકાર કરી રહ્યો છે. શરૂઆતમાં માનવી જંગલની આગ પાસેથી અગ્નિ મેળવતો, પરંતુ સમય જતાં તેણે ઘર્ષણ અને ટકરાવથી અગ્નિ ઉત્પન્ન કરવાની રીત શોધી અને તેમાં પારંગતતા મેળવી! તે સમયે અગ્નિ પ્રગટાવવો જેટલો મુશ્કેલ હતો, તેટલી જ મુશ્કેલી અગ્નિને જાળવી રાખવામાં હતી; તેમાં પણ તેણે નિપુણતા મેળવી. અહીં એ પણ નોંધવું પડે કે અગ્નિએ જેમ સંસ્કૃતિના વિકાસ માટે મદદ કરી, તેમ સંસ્કૃતિના વિનાશ માટે તેનો વિપુલ ઉપયોગ થયો છે. પરાજિત થયેલા રાજ્ય કે પરાજિત થયેલી સંસ્કૃતિને જાણે પૂરેપૂરી અગ્નિની મદદથી સળગાવી દેવામાં આવતી. વિધર્મી આક્રાંતાઓ દ્વારા નાલંદાનાં પુસ્તકાલયો સળગાવી દેવામાં આવ્યાં હતાં–આ માત્ર પુસ્તકોનું દહન નહોતું, એક આખી વિચારધારા અને શ્રદ્ધાના દહનનો પ્રયાસ હતો.

અગ્નિથી સાવચેતી પણ આવશ્યક છે. તેનો દુરુપયોગ તો થઈ જ શકે, પરંતુ તે સિવાય પણ જો તે અનિયંત્રિત બને તો આગથી બધું જ ભસ્મીભૂત થઈ શકે. તેનાથી પ્રદૂષણ પણ વધે અને વૈશ્વિક ગરમીમાં પણ વધારો થાય. અગ્નિ માટે જે સામગ્રીનો ઉપયોગ થાય છે, તે સામગ્રી ક્રમશ: વિશ્વના પટલ પરથી નાશ પામતી જાય છે, જેની લાંબા ગાળે નકારાત્મક અસર પણ ઊભી થાય છે. અગ્નિ એટલે સલામતી પણ ખરી, સગવડતા પણ ખરી અને જોખમ પણ ખરું. અગ્નિ હોય ત્યાં સુરક્ષાની વ્યવસ્થા જરૂરી બને. આ માટે પૂર્વસાવચેતી, ગુણવત્તાવાળાં ઉપકરણો, ઉપયોગમાં સંયમ, બેદરકારી સામે સજાગતા, વિશેષ પ્રકારની ચેતવણી માટેની વ્યવસ્થા તેમજ અગ્નિશામક વ્યવસ્થા, તાલીમ દ્વારા અપાતી જાગૃતિ તથા કટોકટીના સમયે લેવાતાં જરૂરી પગલાં પર ધ્યાન આપવું પડે. અગ્નિના ઉપયોગમાંથી સલામતીનું પરિમાણ કાઢી નાખવામાં આવે તો જોખમ ઊભું થાય અને જો તેને ઉમેરવામાં આવે તો વિકાસ અને સગવડતા શક્ય બને.

**શરૂઆતમાં માનવી જંગલની આગ પાસેથી અગ્નિ મેળવતો, પરંતુ સમય જતાં તેણે ઘર્ષણ અને ટકરાવથી અગ્નિ ઉત્પન્ન કરવાની રીત શોધી અને તેમાં પારંગતતા મેળવી!**

**આંખની અટારી**
★ હેમુ ભીખુ

પ્રશ્ન અગ્નિ સાથે નથી, તેના ઉપયોગના પ્રકાર અને તેના ઉપયોગ સાથે જોડાયેલી માનસિકતાનો છે. આ વાત દરેક બાબતને, દરેક વસ્તુને લાગુ પડે છે. અકસ્માતનું કારણ વાહન નથી; અકસ્માત માટે વાહનના ઉપયોગની અણઆવડત કે ચોક્કસ પ્રકારનું ગાંડપણ કારણભૂત હોય છે. અણુશક્તિ વીજળી પણ આપી શકે અને મહાવિનાશ પણ નોતરી શકે; પરિણામ શું મળે છે તે અણુશક્તિનો ઉપયોગ કરનાર માનવી અને તે ઉપયોગની પદ્ધતિ પર આધાર રાખે છે. એક છરીથી તબીબ ઓપરેશન દ્વારા કોઈનો જીવ બચાવી શકે અને એ જ છરીનો ઉપયોગ કરીને અન્યનો જીવ લઈ પણ શકાય. તર્ક સાચો રસ્તો પણ દેખાડી શકે અને ભટકાવી પણ શકે. અગ્નિ તો અગ્નિ છે, તેનાથી સુરક્ષા માનવીએ પોતાની સંવેદનશીલતા, વિચારશીલતા તેમજ ક્ષમતાથી પ્રાપ્ત કરવાની છે.

તટસ્થતાથી જોતાં સમજાય છે કે અગ્નિ સ્વયં નથી હાનિકારક કે નથી ઉપયોગી. કુદરતે દરેક તત્વની એક મર્યાદા નક્કી કરી હોય છે. આ મર્યાદાની અંદર રહીને તેનો કેવો અને કેટલી માત્રામાં ઉપયોગ થઈ શકે તે માનવીએ નક્કી કરવાનું છે. નહિતર ઉપયોગી જણાતો અગ્નિ બધું જ ભસ્મીભૂત કરી નાખશે. સકારાત્મક અભિગમ હોવો જોઈએ. વિવેકની આવશ્યકતા છે. સંયમ જરૂરી છે. એક પ્રકારની પરિપક્વતા સ્થાપિત થવી જોઈએ. સૃષ્ટિના દરેક પાસાં માટે સંવેદનશીલતા સ્થાપિત થવી જોઈએ. સ્વનિયંત્રણ તો ખૂબ જ આવશ્યક છે. કુદરતે અઢળક આપ્યું હોય એનો અર્થ એ નહીં કે ઉપયોગીતા ઉપરાંતનો બગાડ કરવાનો. સાંપ્રત સમયમાં મોબાઈલ, એઆઈ તેમજ તેવી અન્ય બાબતો માટે પણ આમ જ કહી શકાય.

જોકે સાંપ્રત સમયમાં જીવનશૈલી જ એ પ્રકારની સ્થાપિત થઈ છે કે બગાડ રોકવો લગભગ અસંભવ છે. એક સમય એવો હતો જ્યારે વાળુ પછી વધેલું 'સારી સ્થિતિનું ભોજન' કોઈકને આપવામાં આવતું, વધેલું કે એઠું ભોજન કૂતરાની ચાટમાં મૂકવામાં આવતું, શાકભાજી કે ફળોનાં છોડાં દૂધાળાં પશુને ધરી દેવામાં આવતાં; લગભગ બધું જ ઉપયોગમાં આવી જતું. હવે આ રીતે વધેલો ખોરાક સીધો જ કચરાપેટીમાં જાય છે. આ માત્ર બગાડ નથી, ગુનો છે. અહીં અગ્નિ તો માત્ર એક માધ્યમ છે. દરેક વસ્તુના ઉપયોગમાં કેવા પ્રકારનું સ્વનિયંત્રણ જરૂરી છે તે સમજવું પડે અને તે પ્રમાણેનો વ્યવહાર રાખવો પડે.

વાસ્તવમાં દરેક વસ્તુ અગ્નિ સમાન છે. દરેક વસ્તુએ માનવ ઉત્ક્રાંતિના ઈતિહાસમાં સકારાત્મક ભૂમિકા ભજવી છે. દરેક વસ્તુ સાથે નકારાત્મક સંભાવના પણ જોડાયેલી હોય છે. આ નકારાત્મક સંભાવનાની માત્રા પણ અકલ્પનીય હોય છે. જો માનવી વિનાશનો માર્ગ પસંદ કરે તો સર્વનાશ નક્કી છે. કુદરતી તત્ત્વો દ્વારા પર્યાવરણનો, એઆઈ દ્વારા બુદ્ધિમત્તાનો, અંધશ્રદ્ધા દ્વારા વિશ્વાસનો, સામાજિક વિઘટન દ્વારા સામાજિક સમરસતાનો, નકલ દ્વારા સર્જનાત્મકતાનો અને ચોરી દ્વારા નૈતિકતાનો વિનાશ નક્કી છે. આ તો એક નાનકડી સૂચિ છે.